## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



મીઠાઇ તૈયાર લાવશુ... મઠીયા ચોળાફળી તૈયાર લાવશુ...રંગોળી પણ તૈયાર અને દિવા તો ઇલેક્ટ્રોનીક છે જ...તો આપણે દિવાળી કરવાનું શું...!!!

# એસટી ડેપો પાછળ લુંટારૂઓથી યુવક-યુવતિને માસીબાએ બચાવ્યા

## ત્રણ શખ્સોએ દોઢ તોલા દોરાની લુંટ ચલાવી ફરાર, મારામારીમાં શખ્સનુ શર્ટ ફાટેલુ હાથમાં આવતા તેમાંથી બુટ્ટી અને વીંટી મળ્યા, પોલીસ તપાસનો ધમધમાટ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર પથિકાશ્રમ એસ.ટી.ડેપોની પાછળ આવેલ રાજ દરબાર નોનવેજ દુકાન સામે આવેલી ઝાડીઓમાં લઘુશંકા માટે ગયેલી બરોડાની યુવતિ અને તેના મિત્રને પોલીસ તરીકેની ઓળખાણ આપી ત્રણ શખ્સોએ યુવકને માર મારી યુવતિ સાથે શારીરીક અડપલા કરી બુટ્ટી, ચેઈન અને વીટીં સહિત રોકડ રૂપીયા લુંટી લીધા હતા. તે સમયે યુવક-યુવતિએ બુમાબુમ કરતા પસાર થતા માસીબાએ આ બંન્નેને લુંટારૂઓથી બચાવ્યા હતા. ત્યારબાદ સ્થાનિક દુકાનદારો-નાગરીકો પણ આવી ગયા હતા. પરંતુ તે પહેલા જ લુંટારૂઓ બાઈક મુકીને અંધારામાં અદ્રશ્ય થઈ ગયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

શહેરના સેકટર-૧૧ એસ.ટી.ડેપોની પાછળના ભાગે વર્ષોથી નોનવેજની દુકાનો આવેલી છે. નગરમાં સાંજ ઢળતા જ દુકાનો ધમધમી ઉઠતા આ વિસ્તાર અસામાજીક તત્વોનો અડ્ડો બની જાય છે. ત્યારે ઝુંપડા હટાવતી દબાણ શાખાની ટીમો આ નોનવેજની દુકાનો હટાવવામાં કેમ પાછી પાની કરે છે તે સમજાતુ નથી. ત્યારે ગતરોજ રાત્રીના સાડા નવ વાગ્યાના અરસામાં યુવક-યુવતિને માર મારી લુંટી લેતા હાહાકાર મચી જવા પામી છે. આ ઘટનાથી પાટનગર સલામત રહ્યું નથી તેમ લાગી રહ્યું છે. ત્યારે સુત્રો દ્વારા મળતી વિગત મુજબ હાલ વડોદરા ખાતે રહેતી યુવતિ ગઈકાલે અમદાવાદની આઈ હોસ્પિટલમાં આંખની તપાસ કરાવવા માટે આવી હતી. આંખની તપાસ કરાવવાની હોવાથી ગાંધીનગર થી તેનો મિત્ર પણ અમદાવાદ ગયો હતો. આંખની તપાસ બાદ યુવતિ ગાંધીનગર હેર કટીંગ માટે આવી હતી. યુવતિએ સાંજના સમયે ન્યું ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં હેર કટીંગ કરાવી વડોદરા જવાનું હોવાથી મિત્રના ઈલેક્ટ્રીક વાહન પર બેસીને એસ.ટી.ડેપોમાં આવ્યા હતા. ડેપો ખાતે બરોડાની બસની પુછપરછ કરતા બસ રાત્રીના પોણા દશ વાગ્યાની હોવાની જણાવ્યું હતું. જેથી બંને જણા રોડ પર આંટો મારવા માટે નીકળ્યા હતા. તે સમયે ડેપોની પાછળના ભાગે થી પસાર થઈ રહ્યા હતા. તે સમયે યુવતિએ લઘુશંકા કરવા માટે કહેતા યુવકે રાજ દરબાર હોટલ ની સામે ઝાડી પાસે ઈલેક્ટ્રીક વાહન ઉભુ રાખ્યું હતું. તે સમયે અચાનક ત્રણ શખ્સો આવી ગયા હતા.પોલીસની ખોટી ઓળખાણ આપી ઈલેક્ટ્રીક સ્કુટર ચોરીનું છે અને ડેકી ચેક કરવી છે. તેમ કહી યુવકને લાફાવાળી કરી તેના ખિસ્સામાંથી રૂ.૮૦૦ લુંટી લીધા હતા. જયારે ઈલેક્ટ્રીક સ્કુટર મોબાઈલ પાસવર્ડ થી ચાલુ થતુ હોવાથી ત્રણેય શખ્સો ઉશ્કેરાયા હતા અને યુવકને મારતા હતા. ત્યારે ત્રણ પૈકી એક શખ્સે યુવતિ સાથે શારીરીક અડપલા કરી બુટ્ટી, વીટીં અને દોઢ તોલાની સોનાની ચેઈન ઝુંટવી લીધી હતી. ત્યારે ગભરાઈ ગયા હોવાથી તેઓએ બુમાબુમ કરતા બુમો સાંભળીને ત્યાંથી પસાર થતા માસીબા (કિન્નર) મદદે આવી પહોંચ્યા હતા. બંનેને વધુ મારમાંથી છોડાવતા બે લુંટારૂઓ દોડી નાસી ગયા હતા. જયારે એક લુંટારૂ બાઈક લઈને ભાગવાની કોશિશ કરતા માસીબા એ તેને ઝડપી પાડી બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. જેથી તેમની વચ્ચે પણ જોરદાર મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. લુંટારૂ શખ્સનો શર્ટ ફાટી જતા માસીબાના હાથમાં આવી ગયો હતો. આ શર્ટમાંથી વીંટી અને બુટ્ટી નીચે પડી ગઈ હતી. જયારે દોઢ તોલાની સોનાની ચેઈન અને રોકડા રૂપીયા લઈ શખ્સો નાસી ગયા હતા.પરંતુ લુંટારૂ બાઈક મુકીને જતા રહ્યા હતા. ત્યારે હોહાને પગલે સ્થાનિક વેપારીઓ સહિત નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બનાવની જાણ થતા પોલીસ પણ તાત્કાલીક આવી ગઈ હતી. જયારે લુંટારૂ શખ્સોનું બાઈક પોલીસે કબ્જે કરી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

## ખૂણેખાંચરેથી

● રાજયમાં વિવિધ માર્ગો પર વાહનની ગતિમર્યાદા અંગેનું જાહેરનામુ રાજયના માર્ગ-વાહન વ્યવહાર વિભાગ દ્વારા જારી કરવામાં આવ્યુ છે.

● માર્ગ-મકાન વિભાગની સચિવાલય સ્થિત બ્લોક નં. ૧૪માં સી.સી. ટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.

● ૨૫મીના પડતર દિવસે રજા જાહેર કરવા સચિવાલય ફેડરેશને મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે.

● ગાંધીનગર જિલ્લામાં હીટવેવ યથાવત્ રહેતાં લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે.

● ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આજે નાયબ મામલતદાર અને ડે.એસ.ઓ.ની ૮૦ બેઠક માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ હતી જેનુ પ્રશ્નપત્ર પ્રમાણમાં સરળ પણ થોડુક અટપટુ હોવાનું પરીક્ષાર્થીઓએ કહ્યુ છે.

● ઓનલાઈન ટીચર ટ્રાન્સફર જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં અરજી માટેની ખાસ માર્ગદર્શીકા પ્રાથમિક શિક્ષણ નિયામકે જારી કરી છે.

● ડિફેન્સ એક્સ્પોની તૈયારીઓને આજે અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો હોઈ સચિવાલયનું આખુ પાર્કિંગ વાહનોથી ભરાઈ ગયુ છે.

● શહેરમાં ગટરલાઈન અને પાણીની લાઈન નાખવા માટે ઠેર ઠેર ખાડાઓ કરવામાં આવતા નગરજનો હવે ખાડારાજથી તંગ આવી ગયા છે.

● પૂર્વ મેયર પ્રવિણ પટેલનું ફેસબુક મેસેન્જરનુ ખોટુ એકાઉન્ટ બનાવી રૂપિયાની માંગણી કરી હોવાની વાતો ટોક ઓફ ધી ટાઉન બની છે.

● ડિફેન્સ એક્સ્પોને લઈ ગાંધીનગર મનપાની ૧૫ ટીમો વિવિધ સ્થાનો પર તૈનાત કરવામાં આવશે.

● રોડ બ્લોક કરવાના સૌથી વધુ જાહેરનમા પ્રસિદ્ધ કરનાર ગાંધીનગરના અધિક નિવાસી કલેક્ટર સુશ્રી આર.ડી. સિંઘની બદલી ઔડામાં કરાઈ છે.

## મહુન્દ્રા ગ્રામ પંચાયત ખાતે અક્ષર આંખની હોસ્પીટલ દ્વારા નિઃશુલ્ક કેમ્પ યોજાયો



ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગ્રામ પંચાયત કચેરી ખાતે અક્ષર આંખની હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનોન જરૂરિયાતમંદ દર્દીઓને વાંચવાના ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આંખોની તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગામના સરપંચ, ડૉ. ભાવિનીબેન પટેલ તથા ડૉ. એ.બી. પટેલ ફિઝિશિયન ઉપસ્થિત રહી ૧૫૯ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

## ખરણા પાટીયા પાસે બે બસ સામસામે ટકરાતા મુસાફરોને ઈજા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર થી ગોઝારીયા જતા માર્ગ પર વચ્ચે ખરણા પાસે બે એસટી બસ વચ્ચે અકસ્માત સર્જાયો છે. બે બસ સામ સામે ટકરાતા કેટલાક મુસાફરોને ઈજા પહોંચી હતી.જેમાં મળતી વિગત મુજબ ૭ મુસાફરોને ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જેમાં ચાર દર્દીઓને એડમીટ કરવામાં આવ્યા છે. તે ઉપરાંત ત્રણ જેટલા દર્દીઓને ઓપીડી સારવાર આપવામાં આવી છે.જયારે એક દર્દીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા અમદાવાદ સિવિલ ખાતે વધુ સારવાર માટે રીફર કર્યા હોવાની વિગતો મળી છે. તો બીજીતરફ કેટલાક દર્દીઓને માણસા સિવિલ હોસ્પિટલ ખાતે પણ સારવાર માટે લઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે એસટી નિગમની બે બસ ટકરાતા મુસાફરોની ચીસોથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.જયારે અકસ્માતને પગલે સ્થાનિક ગ્રામજનો દોડી આવતા બચાવ કામગીરી હાથ ધરી હતી. એક બસ ગોઝારીયા તરફ જઈ રહી હતી તો બીજી બસ ગોઝારીયાથી ગાંધીનગર તરફ આવી રહી હતી. ત્યારે ખરણા પાટીયા નજીક બે બસ ટકરાતા ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા.

## લકઝરી બસમાંથી બે મુસાફર વિદેશી દારૂના ૧૪૪ ટ્રેટા પેક સાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬

ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી વાહન ચેકીંગ દરમિયાન લકઝરી બસમાં બેઠેલા બે મુસાફરો પાસેથી વિદેશી દારૂના ૧૪૪ ટ્રેટા પેક મળી આવ્યા છે. પોલીસે રૂ.૧૨ હજારના ટ્રેટા પેક અને ૨ મોબાઈલ કિં.૬ હજાર મળી કુલ રૂ.૧૮ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા.તે સમયે હિંતમનગર તરફથી આવી રહેલી લેકસીટી ટ્રાવેલ્સની બસ નં. આર.જ.૨૭.બી.સી.-૦૨૩૪ ને સાઈડ કરાવી ઉભી રાખી હતી.ત્યારબાદ ડ્રાઈવર-કંટકટરને સાથે રાખી મુસાફરોના સામાનની તપાસ કરી હતી. તે સમયે બસમાં બે શખ્સો થેલો લઈને શંકાસ્પદ હાલતમાં બેઠા હતા. તે થેલો ખોલી ચેક કરતા તેમાંથી વિદેશી દારુના ૧૪૪ ટ્રેટા પેક મળી આવ્યા હતા. પોલીસે તેમના નામ પુછતા શંભુસિંગ ફતેસિંહ ચૌહાણ (ઉં.૨૬, રહે બડાસલી પોસ્ટ-ધાનીન તા.ગઢબોર જી-રાજસમંદ), તેમજ દિપક પપ્પુલાલ બલાઈ (ઉં.૧૯ રહે-ગુડલા રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે દારૂ અંગે પાસ પરમીટ માંગતા તેઓની પાસે ન હતી. પોલીસે રૂ.૧૨ હજારથી વધુના ૧૪૪ વિદેશી દારુના ટ્રેટા પેક તેમજ શખ્સો પાસેથી બે મોબાઈલ મળી કુલ રૂ.૧૮ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર રખીયાલના બે હેડ કોન્સ્ટેબલ રૂ.૧.૧૦ લાખની લાંચ લેતા ઝડપાયા

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર જિલ્લાના રખીયાલ પોલીસ મથકમાં ફરજ બજાવતા બે હેડ કોન્સ્ટેબલ રૂ.૧.૧૦ લાખની લાંચ લેતા ઉદેપુર એસીબી પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. નામ હટાવવાની અવેજમાં લાંચની માંગણી કરી હતી. ત્યારે રખીયાલના બે હેડ કોન્સ્ટેબલ લાંચના રૂપીયા લેવા માટે ઉદેપુર પહોચ્યા હતા. ત્યારે ઉદેપુરના ગોવર્ધન વિસ્તારમાં લાંચના રૂપીયા લેવા માટે જતા રંગેહાથ ઉદેપુર એસીબી પોલીસે દબોચી લીધા છે. જયારે એક હેડ કોન્સ્ટેબલ નાસી ગયો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના રખીયાલ પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા વાસણા ચૌધરી ગામના મહેશ ચૌધરી અને ભરત પટેલ ઉદેપુરના ગોવર્ધન વિલાસ વિસ્તારમાંથી રૂ.૧.૧૦ લાખની લાંચ લેતા રાજસ્થાનની ઉદેપુર એસીબીના હાથે ઝડપાયા છે. જેમાં એક હેડ કોન્સ્ટેબલ ભાગી ગયો હોવાની વિગતો મળી રહી છે. નામ હટાવવાની એવજ પેટે આ બંન્ને જણાએ રૂ.૨ લાખની માંગણી કરી હેરાન પરેશાન કરતા હતા. ત્યારે ગાંધીનગરથી લાંચ લેવા માટે ઉદેપુર પહોંચેલા બે હેડ કોન્સ્ટેબલ ઉદેપુર એસીબીના છટકામાં આબાદ ઝડપાઈ ગયા હતા. રાજસ્થાન એસીબી પોલીસે બંને સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે ગાંધીનગરના બે કોન્સ્ટેબલ ઉદેપુરમાં લાંચ લેતા ઝડપાતા પોલીસ બેડામાં હડકંપ મચી ગયો હતો.

## દિવાળી નિમિત્તે સેવા મારું જીવન ગૃપનું સેવા કાર્ય



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેક્ટર-૧૩ ખાતે નંદનવન અનુદાનિત શાળા ખાતે "સેવા મારું જીવન" ગૃપ અને "જીવનધારા ફાઉન્ડેશન સેવા ટ્રસ્ટ" તરફથી બાળકોને દિવાળી નિમીત્તે બાળકોને નાસ્તો અને ચોપડા વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. છેલ્લાં ઘણા વર્ષોથી આ સંસ્થાઓ સેવાકીય કાર્યો કરે છે જેમાં શહેરના ઘણા મિત્રો પોતાની સેવા આપે છે. આજના આ સેવાકાર્યમાં ગાંધીનગરના સેવાભાવી નાગરિકો જી.કે. પરમાર, અશ્વિનભાઈ સુહાન, ડી.એમ. મકવાણા, કૌશિક અંજારિયા, ભાવિન પરમાર, મહેશભાઈ જીરાવાલા, અરુણભાઈ પટેલ, શાળાના આચાર્ય યોગેશભાઈ દરજી, જય સાકરીયા, આકાશભાઈ, પ્રરવણભાઈ સહિત યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા ઉસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે આગામી દિવસોમાં સંસ્થા તરફથી ઘણા સેવા કાર્યો કરવામાં આવશે તેવું વિજયસિંહ માજીરાણાએ જણાવ્યું હતું.

## પેથાપુર વિદ્યાનગર સોસાયટીમાંથી રૂ.૧.૫૦ લાખનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૧૬

પેથાપુર વિદ્યાનગર સોસાયટી ખાતે ઘર પાસે પાર્ક કરેલું યામાહા કંપનીનું આર-૧ ફાઈવ બાઈકની ચોરી થવા પામી છે. યુવકે રાત્રીના ૯ વાગે પાર્ક કરેલ બાઈક સવારે ૪ વાગે ઉઠીને જોયુ તો ગાયબ હતું.જયારે ૨.૧.૫૦ લાખના બાઈક ચોરી અંગે યુવકે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર વિદ્યાનગર સોસાયટી કુમાર શાળા પાસે રહેતા યુવરાજસિંહ ભુપતસિંહ ચાવડા (ઉં.૨૨) પરિવાર સાથે રહે છે.જયારે યુવરાજસિંહ બી.કોમના બીજા વર્ષમાં સેકટર-૨૮ સ્થિત નવગુજરાત કોલેજ ખાતે અભ્યાસ કરે છે. યુવરાજસિંહ પાસે યામાહા કંપનીનું ૧૫૦ સીસીનું આર-૧ ફાઈવ બાઈક હતું. જેનો ઉપયોગ કોલેજ આવન-જાવન માટે કરતા હતા. બાઈક નં.જી.જે. ૧૮.ડી. એમ.-૯૩૦૮ હતું. ગઈકાલે રાત્રીના ૯ વાગ્યાના અરસામાં ઘરની સામે બાઈક પાર્ક કર્યુ હતું. ત્યારબાદ યુવકના દાદા સવારે ૪ વાગે ઉઠતા તેઓએ પૌત્રનું બાઈક ન જોતા યુવરાજસિંહ અને તેમના પિતા ભુપતસિંહને જાણ કરી હતી. જેથી ઘરના સભ્યોએ આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ કરી હતી.પરંતુ તેમ છતા બાઈક મળી ન આવતા આખરે પેથાપુર પોલીસ મથકે રૂ.૧.૫૦ લાખના બાઈક ચોરી અંગે યુવકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે પાટનગરમાં વાહનચોરીનો સિલસિલો યથાવત રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી.



ગાંધીનગરની શાન અને ઓળખસમા બગીચાઓનુ રીનોવેશન ચાલી રહ્યુ છે. જો કે હજી એવા ઘણા બગીચાઓ છે જેની દૂર્દશા ભારે વસમી છે. સેક્ટર-૩-ડી માં સાઈબાબાના મંદિરના સામેનો બગીચો ઉજ્જડ થઈ ગયો છે. આ બગીચાના રમતગમતના સાધનો તુટી ગયા છે. ઝુલા અને લપસણી તુટી ગયા છે અથવા ગાયબ થઈ ગયા છે. ક્યાંક ક્યાંક વરસાદી ઘાસ પણ ઉગી નીકળ્યુ છે.

## ગુજરાત પોલીસ દળમાં ૪૬ નવ નિયુક્ત પોલીસ ઇન્સ્પેક્ટરની સેવાઓ મળશે

ગાંધીનગર,તા.૧૬

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના સર્વગ્રાહી અને દરેક ક્ષેત્રના વિકાસના પાયામાં સુરક્ષા સલામતીના પ્રહરી પોલીસ દળનું યોગદાન અહેમ ભૂમિકા નિભાવે છે તેઓ સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે સ્વની પરવા કર્યા વિના સમાજ માટે, અન્યો માટે, તેમની રક્ષા માટે સમર્પિત ભાવે કર્તવ્યરત પોલીસ દળે ગુજરાતની વિકસિત-સુરક્ષિત રાજ્યની ગરિમા વધારી છે. મુખ્યમંત્રીશ્રી ગુજરાત પોલીસ અકાદમીમાંથી સફળતાપૂર્વક તાલીમ પ્રાપ્ત કરી રાજ્ય પોલીસબેડામાં સેવારત થવા જઈ રહેલા ૪૬ પોલીસ ઈન્સ્પેક્ટરની પાસિંગ આઉટ પરેડમાં સંબોધન કરી રહ્યા હતા. ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, ડૉ.શ્રી આશિષ ભાટિયા સહિત અધિક પોલીસ મહાનિર્દેશકશ્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ ગૌરવશાળી દીક્ષાંત સમારોહના સાક્ષી બન્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જેમને સુરક્ષા, સલામતી અને શાંતિના પ્રહરી કહ્યા છે તેવા પોલીસ દળની કર્તવ્ય ભાવનાની સરાહના કરી હતી.


